<u>વડોદરાના મ્હે . ૨૫ માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટ સમક્ષ</u>.

ગુ.મુ.નં –૩૯૮૨૪/૧૨

ફરીયાદી – મદદનીશ ખેતી નીમાયક (ગુજરાત સરકાર)

વિ.

આરોપી –**(૧) મે.સીંમેટા ઈન્ડીયા લીમી.**

**(૨) સતીશ તેમ્બે –વહીવટ કર્તા ,મે.સીંમેટા ઈન્ડીયા લીમી**

**<u>ગુન્હો –જતુંનાશક દવા અધિનીયમ – ૧૯૬૮ ની કલમ ૧૪(૧)(એ)(બી) અને કલમ ૧૭(૧) (એ)(બી)(સી)(ડી) અને (૨), ના ભંગ બદલ કલમ ૨૯(૧)(બી) અને (૩) મુજબ શીક્ષા ને પાત્ર</u>**

આ કામે આરોપી સામે સરકાર શ્રી તરફે પી.બી.પરમાર (મદદનીશ ખેતી નિમાયક ગુણવતા નિંયત્રણ) એ ઉપરોકત ગુન્હાનુ ફરીયાદ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપી એ આજરોજ નેશનલ લોક – અદાલત માં હાજર થઈ કબુલાત પુશસીસ રજુ કરી પોતાનો ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે કે , પોતે કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે કે પોતે તેનો પ્રસ્તાવ વ્યકત કરેલ છે અને ભવીષ્ય માં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપી નું નીવેદન લ ેતાં તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનું તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજા ની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું જણાઈ આવતું હોય હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી અને જે સંજોગો માં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકત તે ધ્યાને લેતા આરોપી ને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનુ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર ૨૦૦૫ માં પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપી ને આવા કીસ્સમાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાતને ધ્યાને લઈને આરોપી ને કિ.પ્રો.કોડ ની કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**હુકમ**

દરેક આરોપીને મજકુર ગુના સબબ કિ.પ્રો.કોડ ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી **<u>જતુંનાશક દવા અધિનીયમ – ૧૯૬૮ ની કલમ ૧૪(૧)(એ)(બી) અને કલમ ૧૭(૧) (એ)(બી)(સી)(ડી) અને (૨), ના ભંગ બદલ કલમ ૨૯(૧)(બી) અને (૩) મુજબ શીક્ષા ને પાત્ર</u>** મુજબના ગુન્હામાં **રુા.૨૫,૦૦૦/–(અંકે પચીસ હજાર પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધી ની સજા કરવાનો અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો **દિન – ૩૦** ની સાદી કેદ ની સજા કરવાનો હુકમ ફરમાવું છું.

કંપની તથા આરોપી ના એક કુલ મળી ૫૦,૦૦૦/– અંકે રુા. પચાસ હજાર પુરા દંડ વસુલવો

હુકમ આજરોજ તારીખ – ૧૩/૦૭/૨૦૧૯ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(સમીર રતીલાલ સાંગાણી)
૨૫ માં અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વડોદરા **GJ01046**